


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ ફેબ્રુઆરી - ૨૦૨૨ પત્ર - ૧૦૨


## 'બારી' Window

આપણે આપણા સુંદર ઘરો બનાવીએ છીએ અને તેમાં જવા-આવવા માટે બારણા રાખીએ છીએ. આ સાથે હવા-ઉજાસ માટે બારીઓ પણ રાખીએ છીએ. આપણા ઘરોમાં યોગ્ય જગ્યાએ સારી બારીઓ રાખવી આપણને ગમે છે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઉત્પત્તિના પુસ્તકના છઠ્ઠા અધ્યાયમાં દેવે નૂહને વહાણ બનાવવાનું કહ્યું અને ઉત્પત્તિ ૬:૧૬ વચન પ્રમાણે દેવે નૂહને બારી બનાવવા માટે પણ જણાવ્યું. આ પ્રમાણે બાઈબલમાં અન્ય બારીઓ વિશે પણ વાંચવા મળે છે. આ બારીઓ જુદા જુદા કામો અને પરિસ્થિતિ સંબંધી જણાવે છે.

એક બારી દાનિયેલ ૬:૧૦માં જોવા મળે છે. જ્યાં દાનિયેલ દિવસમાં ત્રણવાર ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરે છે. આ દાનિયેલની પ્રાર્થનાની બારી છે. દાર્યાવેશ રાજાના સમયમાં સૂબા અને સરસૂબાઓએ મસલત કરી કે ૩૦ દિવસ કોઈ વ્યક્તિએ રાજા સિવાય કોઈની પાસે અરજ ગુજારવી નહિ અને આ રીતે ફરમાન કરાવ્યું. જે કોઈ વ્યક્તિ આ ફરમાનનો ભંગ કરે તેને સિંહોના બિલમાં નાખવાનું ઠરાવ્યું. દાનિયેલે આ જાણ્યું ત્યારે યરૂશાલેમ તરફ ખુલ્લી રહેતી બારી તરફ પ્રાર્થના કરે છે આ રીતે તે અગાઉ પણ પ્રાર્થના કરતો હતો. દાનિયેલ એક સરસૂબા તરીકે હતો. તેની પાસે સર્વ હતું. છતાં પણ તે દેવની નજીક રહી અને પ્રાર્થનાવાદી જીવન પસાર કરે છે. દાનિયેલના ઘરની બારી દાનિયેલના પ્રાર્થનાવાદી જીવનને દર્શાવે છે. દાનિયેલની પ્રાર્થના દેવે સાંભળી છે અને સિંહોના બિલમાંથી અદ્‌ભૂત બચાવ થાય છે.

વ્હાલાઓ આપણા વિશ્વાસુ જીવનમાં આવી રીતે પ્રાર્થનાની બારીની જરૂરિયાત હોય છે. ૧ પિતર ૫:૮ પ્રમાણે વૈરી શેતાન ગાજનાર સિંહની જેમ જે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે. દાનિયેલનો દેવે સિંહો મધ્યે બચાવ કર્યો. પ્રાર્થનાવાદી જીવનમાં રહીએ, જીવનમાં પ્રાર્થનાની બારી અવશ્ય રાખીએ. આ જગતમાં આપણે જુદી જુદી પરિસ્થિતિ, પ્રસંગો, દુ:ખો અને મુંઝવણોમાં તથા મુશ્કેલીઓમાંથી પસાર થઈએ છીએ. આવી પરિસ્થિતિઓ આપણને આપણા વિશ્વાસમાંથી ચલિત કરવા અને મંદ પાડવા માટે તત્પર હોય છે. લૂક ૨૧:૩૬માં જણાવ્યું છે તે પ્રમાણે હરવખત જાગતા રહો અને વિનંતી કરો...

અબ્રાહમ લિંકન જણાવે છે કે જીવનમાં સર્વ બારીઓ બંધ થાય પરંતુ પ્રાર્થનાની બારી હંમેશા ખુલ્લી રાખવી.

## BIRTHDATE'S IN FEBRUARY

| તારીખ | નામ | | | | |
|---|---|---|---|---|---|
| ૫/૨ | પ્રિયંકા નલીનભાઈ ક્રિશ્ચિયન | ૧૫/૨ | શ્વેતાલી કુણાલ મહિડા (યુ.એસ.એ.) | ૨૨/૨ | પરેશભાઈ બી. પરીખ |
| ૬/૨ | આશાબેન સી. વરસડા | ૧૬/૨ | માયુષભાઈ એ. રાઠોડ | ૨૩/૨ | જસ્ટીનભાઈ બી. પરીખ |
| ૮/૨ | જેક માયુષભાઈ રાઠોડ | ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ | ૨૩/૨ | રોઝેમેરી એ. ખ્રિસ્તી |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર | ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી | ૨૫/૨ | પ્રકૃતિ આશિષ ફ્રેન્ક (યુ.એસ.એ.) |
| ૧૧/૨ | મોનીકાબેન એસ.ડેવિડ | ૧૯/૨ | રેની આર. ટેલર | ૨૫/૨ | કોલીન અનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૧૧/૨ | સમીરભાઈ એસ. ભાટિયા | ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ | ૨૫/૨ | અમીષા નિલેશભાઈ પરીખ |
| | | ૨૨/૨ | મંજુલાબેન એસ. ખ્રિસ્તી | | |

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી શાન રાજેશભાઈ દરજી<br>નવી નોકરી મળવાથી અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૨. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૩. | શ્રીમતી વેલેરીબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦.૦૦ |
| ૪. | શ્રી રાજ એસ. શાહ | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૫. | કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૬. | કુ. શ્રેયાંસી એસ. અર્લિક | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૭. | શ્રીમતી પ્રિયલ રાહુલ રાનીગા | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૮. | શ્રીમતી પ્રિયલ રાહુલ રાનીગા | લગ્ન દિ. દાન | ૨૦૦.૦૦ |
| ૯. | સ્વ. નલિનભાઈ આર. ક્રિશ્ચિયનના<br>સ્મરણાર્થે જન્મ દિવસ | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૧૦. | શ્રી/શ્રીમતી શામીભાઈ/અરૂણાબેન ગામડિયા | લગ્ન દિ. દાન | ૫૦૦.૦૦ |
| ૧૧. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૧૨. | શ્રીમતી નિમિષાબેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૧૩. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન<br>Renault ગાડી ખરીદી. અભિનંદન | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૧૪. | શ્રીમતી સ્ટેલાબેન એમ. પરમાર | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૧૫. | શ્રી શરદભાઈ બી. વાઘેલા | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૬. | કુ. જ્યોતિબેન કે. વાઘેલા | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૧૭. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૧૮. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૯. | કુ. એની એ. ક્રિશ્ચિયન<br>લગ્ન-આમંત્રણ પત્રિકા માટે પ્રાર્થના | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૨૦. | કુ. રીનીષા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૨૧. | શ્રી/શ્રીમતી નિલય/મેરેલીન ચૌહાણ | લગ્ન દિ. દાન | ૫૦૦.૦૦ |
| ૨૨. | ટ્રીના ડી. હેરી | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૨૩. | શ્રી ડેની એ. હેરી | બર્થડે | ૫૦૦.૦૦ |

ગતાંક દાન સુધારો :

| | | |
|---|---|---|
| શ્રી રાજ એસ. શાહ | પુઅર ફંડ | ૧૦૦૦.૦૦ |

**ચર્ચમાં મળેલ ભેટ-આભાર :**

- શ્રીમતી પ્રફુલત્તાબેન ડી. ચોહાણના પુત્ર શ્રી જોની ડી. ચૌહાણ (ન્યુઝીલેન્ડ) તરફથી ૪ માઈક અને ૨ મોટા અને નાનું સ્ટેન્ડ મળેલ છે. આભાર.

**જાહેરાત :**

- દર રવિવારે સવારે ૯-૦૦ કલાકે ચર્ચમાં કુટુંબ સાથે હાજરી આપો.
- શુક્રવાર સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સંગતના જીવંત પ્રસારણમાં ભાગ લો.
- તા. ૩૧-૩-૨૨ નાણાંકીય વર્ષ પૂર્ણ થાય છે. આપના સામાન્ય દાનો કારભારી-પાળકને જમા કરાવશો.
- પુઅર ફંડ, મેડિકલ ફંડ, સ્કોલરશીપ ફંડ માટેના દાનો આપવાનું ચાલુ રાખશો.

**પુનરૂત્થાનની ધન્ય આશામાં દફનવિધિ :**

શીરીનાબેન એ. ગામડિયા તા. ૧૩-૧-૨૨ સાંજે પ્રભુમાં ઊંઘી ગયા. તેઓની દફનવિધિ તા. ૧૪-૧-૨૨ સવારે ૧૦-૦૦ વાગે કરવામાં આવી. દુઃખી પરિવારને પ્રભુ પુષ્કળ દિલાસો પૂરો પાડો.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૧-૨૦૨૨ નવા વર્ષની ભજનસેવા ચલાવવામાં આવી. ચર્ચ તરફથી કેક વહેંચવામાં આવી.
  વર્ષ દરમિયાન કારભારીઓની તથા પાળકની સેવાની કદર કરતાં સર્વને કલગી અને પર્સ આપવામાં આવ્યા તથા તેઓ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી. શ્રી આલાપભાઈ જે. માસ્ટર દ્વારા ઉત્તેજનદાયક શબ્દો કહેવામાં આવ્યા. પાળક કુટુંબને પણ કલગી આપી કદર કરવામાં આવી. મંડળીનો પુષ્કળ આભાર.
- તા. ૭-૧-૨૨ ભારતની મેથોડિસ્ટ મંડળીના ૪૧મા સ્થાપના દિવસે મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં ખાસ પ્રાર્થના સંગતનું આયોજન કરવામાં આવેલ તેમાં હાજરી આપી. ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબ દ્વારા મનન કરાવવામાં આવ્યું હતું. કેક કાપી ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી.
- તા. ૭-૧-૨૨ શુક્રવાર સાંજે ૮-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં ભારતની મેથોડિસ્ટ મંડળીના ૪૧મા સ્થાપના દિવસે સ્થાનિક ચર્ચની ખાસ પ્રાર્થના સંગત રાખવામાં આવી હતી. સ્થાનિક પાળકે મનન અને પ્રાર્થનામાં દોર્યા હતા. કેક કાપવામાં આવી હતી. શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયા તરફથી કેક આપવામાં આવી હતી. તેઓનો પુષ્કળ આભાર.
- તા. ૨૩-૧-૨૨ રવિવારની ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી હતી.
- તા. ૨૬-૧-૨૨ બુધવારે સ્થાનિક મહિલા મંડળ દ્વારા wscs આપેલ કાર્યક્રમ પ્રમાણે બપોરે ૩-૦૦ થી ૫-૦૦ દરમિયાન પ્રાર્થના સંગતનું આયોજન ઓનલાઈન વ્યવસ્થામાં કરવામાં આવ્યું હતું. જેમાં શરૂઆતની પ્રાર્થના શ્રીમતી કમળાબેન કે. સોલંકીએ કરાવી હતી અને લીડીંગ શ્રીમતી મંદાકિનીબહેન એલ. પેલ્મોરે કર્યું હતું. wscs તરફથી આપવામાં આવેલ વિનંતીઓ પ્રમાણે પ્રાર્થના કરવામાં આવી હતી. મહિલા મંડળનો આભાર.
- દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ઓનલાઈન પ્રાર્થના સંગતનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નાણાંકીય અહેવાલ ડિસેમ્બર-૨૦૨૧

| | | |
|---|---|---|
| તા.૦૧-૧૨-૨૧ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૫૫,૪૯૧-૮૮ |
| | બેંકમાં | ૬,૬૩,૨૮૭.૧૪ |
| ડિસેમ્બર-૨૧ માં થયેલ | આવક | ૨,૭૦,૧૮૫.૦૦ |
| | કુલ | ૯,૮૮,૯૬૪.૦૨ |
| તા.૩૧-૧૨-૨૧ની બંધ સિલક | | |
| | રોકડ | ૬૧,૯૫૯.૮૮ |
| | બેંક | ૭,૦૮,૩૭૫.૧૪ |
| ડિસેમ્બર-૨૧ ની | જાવક | ૨,૧૮,૬૨૯.૦૦ |
| | કુલ | ૯,૮૮,૯૬૪.૦૨ |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર**